| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૫/૦૬/૨૦૨૨ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૬૫/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮ | ૪,૧૯,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૦૭૧૯/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૦૨,૩૦૭,૩૨૬, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪,૧૪૩, ૧૪૭, ૧૪૮,૧૪૯ તથા GP Act કલમ ૧૩૫(૧) તથા (૨)કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૪૮૫/૨૦૨૨ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા GP Act ૧૩૫(૧) મુજબના શરીર (મારા મારી) સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ પાસા દરખાસ્ત તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૬૩/૨૦૨૨ તા.૧૪/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૪/૦૬/૨૦૨૨ ના કલાકઃ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

નિશીત ઉર્ફે નિશુ સ/ઓ હિતેશભાઇ શાહ ઉ.વ.૨૪ રહે.બ્લોક નં.૮૬/૧૪૨૨,ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર અમદાવાદ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



## <u>નરોડા પોલીસ સ્ટેશન</u>

## <u>પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૨૩૧/૨૦૨૨ જુગાર ધારા ૪,૫ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૭૨/૨૦૨૨ તા-૧૪/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૪/૦૬/૨૦૨૨ ના કલાક-૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૧૪/૦૬/૨૦૨૨

### <u>આરોપીનુ નામ</u> -

"શૈલેષભાઇ રામચંદ્ર ખમાર ઉ.વ.૫૮ રહે: ડી/૩૦૯, પ્રીન્સ રેસીડેન્સી, કાનન રેસીડેન્સી પાછળ, નાના ચિલોડા, નરોડા, અમદાવાદ શહેર

### <u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા  પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

આગામી રથયાત્રાના તહેવાર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ ઈન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર કે.ડી.જાડેજા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શહેરકોટડા પો.સ્ટે વિસ્તારમાં મારામારીના ગુનામાં પકડાયેલ આરોપી નામે જીતેન્દ્ર ઉર્ફે સોનુ ઉર્ફે મટોલ રાધેશ્યામ જાતે તોમર ઉ.વ.૨૯ રહે. મોહનભાટીની ચાલી, ચંદનનગર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-મન્સુખપુરા તા.ફીનાટ જી.આગ્રા ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૨૦૭૩૦/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪, ૪૨૭, ૫૦૬(૨), ૩૫૨, ૩૩૭ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૨૮૧/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૦૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૬૨/૨૦૨૨ તા.૧૪/૦૬/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૪/૦૬/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૧૪/૦૬/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. આર.ડી.જાડેજા
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૮/૨૦૨૨**

**બાપુનગરઃ** ભાવેશકુમાર સુરેશભાઈ આગજા (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૩૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૨**

**કારંજઃ** રૂપલબહેન ખેગાસિંહ ચાચુ (ઉ.વ.૬૨) (રહે. એસ.આર.પી.કેમ્પ પાછળ અમરદિપ સોસાયટી કૃષ્ણનગર નરોડા) એ તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે લાલદરવાજા સાઇબાબા મંદિર નજીક રૂપલબહેન ચાચુની નજર ચુકવી થેલીમાંથી અજાણી વ્યક્તિએ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૨,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિમળાબહેન આશિષસિંહ રાજપુત (રહે. ગામ-મેવ તા-જી-મહેસાણા) એ તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી બસ સ્ટેન્ડ.પ્લેટ ફોર્મ નંબર-૧૬ પરથી અમદાવાદથી ગોધરા જવા માટેની બસમા બેસતી વખતે વિમળાબહેનની થેલીની ચેઈન ખોલી અજાણી વ્યક્તિએ થેલીમાંથી સોનાની ચેઈન, સોનાની શેર, સોનાની વીંટી, સોનાની કાનની બુટ્ટી, મોબાઈલ અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૪,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ખેર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૨</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** લજ્જારામ રામજીત પાલ (ઉ.વ.૭૦) (રહે.સત્યમનગર રો હાઉસ જયોતિનગર સામે શાહવાડી નારોલ) તા.૧૪/૦૬/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે નારોલ થી અસલાલી તરફ જતા સુરત આન્દ્રા લોજીસ્ટીક સામે રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે આયસર ગાડી નંબર જીજે ૧૮ એવી ૮૬૫૦ ના ચાલકે ગાડી પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા લજ્જારામ પાલને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર લજ્જારામ પાલના પુત્ર સતીષ પાલે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૨</u>**

**વસ્ત્રાપુરઃ** દેવ્યાની વા/ઓ આશિષ દેસાઇ (ઉ.વ.૨૭) (રહે. વિરમગામ અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૨ કલાક ૬/૪૫ વાગ્યા પહેલા વસ્ત્રાપુર એસ.જી.હાઈ-વે ગુરૂદ્વારા પાસે આવેલ હોટલ ઈડન રૂમ નંબર-૪૦૯ ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી 'ક" વિભાગ ચલાવે છે.

**રામોલઃ** અમનસિંગ જગદીપસિંગ રાજપુત (ઉ.વ.૨૩) (રહે. હરિજી પાર્ક સોસાયટી ગોપીડેરીના ઢાળમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૬/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.